# રાજયોગિની દાદી પ્રકાશમણિજીની ૧૬મી પુણ્યતિથિ ઉજવાઈ

## દેશભરમાંથી પહોંચેલ ૧૮ હજાર લોકોએ દાદીજીને પુષ્પાંજલિ અર્પણ કરી : વહેલી સવારથી રાત સુધી ચાલુ રહ્યો ધ્યાનનો દોર





આબુ રોડ, તા. ૨૬ બ્રહ્માકુમારીઝના ભૂતપૂર્વ મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી પ્રકાશમણિજીને શ્રધ્ધાંજલિ આપવા માટે દેશભરમાંથી ૧૮,૦૦૦ લોકો પહોંચ્યા. લોકોએ લાઈનમાં ઉભા રહીને દાદીજીને ભાવભીની પુષ્પાંજલિ અર્પણ કરી. સવારે ૮ વાગે, પહેલાં વર્તમાન મુખ્ય પ્રશાસક રાજયોગીની દાદી રતનમોહિનીજી, મહાસચિવ રાજયોગી બી.કે.નિર્વૈરભાઈ, સંયુક્ત મુખ્ય પ્રશાસિકા રાજયોગીની બી.કે.મુન્ની દીદી અને વરિષ્ઠ બી.કે.ભાઈઓ અને બહેનો પ્રકાશ સ્તંભ પર પહોંચ્યા અને પુષ્પાંજલિ અર્પણ કરી. આ પછી લાઈનમાં ઉભા રહીને લોકોએ દાદીજીને યાદ કરીને નમન કર્યા. દાદીજીની ૧૬મી પુણ્યતિથિ શુક્રવારે ભારત સહિત ૧૩૭ દેશોમાં વિશ્વ બંધુત્વ દિવસ તરીકે ઉજવવામાં આવી હતી. સંસ્થાના ૮,૦૦૦ સેવાકેન્દ્રો ખાતે દાદીજીના જીવન ચરિત્રોને યાદ કરીને બ્રહ્મભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાયમંડ હોલમાં આયોજિત વિશ્વ બંધુત્વ કાર્યક્રમમાં મુખ્ય પ્રશાસિકા રાજયોગીની દાદી રતનમોહિનીજીએ જણાવ્યું હતું કે, તેમને બાળપણથી જ દાદીજી સાથે સાથે અંગ સંગ રહેવાનો મોકો મળ્યો હતો. દાદીજી એટલા આજ્ઞાકારી હતા કે બાબાએ કહ્યું અને દાદીજીએ કર્યું. દાદીજી હંમેશા વિશ્વના કલ્યાણનો વિચાર કરતા. તેમના મનમાં હંમેશા એક જ વિચાર ચાલતો હતો કે, દેશ અને દુનિયાના મારા ભાઈ-બહેનોને સુખ અને શાંતિનો સંદેશ, ભગવાનનો સંદેશ, રાજયોગનો સંદેશ કેવી રીતે પહોંચાડવો. દાદીજીની ક્ષમતાઓ જોઈને બાબાએ સોંપી બાગડોર - મહાસચિવ રાજયોગી બી.કે.નિર્વૈરભાઈએ જણાવ્યું હતું કે, દાદીજીમાં રહેલી અદભુત ક્ષમતા જોઈને ગીતા જ્ઞાન દાતા પરમપિતા પરમાત્મા શિવબાબાના સાકાર માધ્યમ બ્રહ્માબાબાએ તેમને આ વિશ્વ વિદ્યાલયની બાગડોર સોંપી હતી. બાબાએ દાદીજી પાસેથી જે અપેક્ષા રાખી હતી, તે અપેક્ષા કરતાં પણ વધુ તેમણે પૂરી કરી. લાખો લોકોને સાથે લઈને ચાલવાનુ અને બધાને સંતુષ્ટ કરવાનું કામ ફક્ત દાદીજી જ કરી શકતા હતાં. સંયુક્ત મુખ્ય પ્રશાસિકા રાજયોગીની બી.કે.મુન્ની દીદીએ જણાવ્યું હતું કે, મને વર્ષો સુધી દાદીજીની સાથે રહીને સેવા કરવાનો મોકો મળ્યો. દાદીજી પાસેથી જે શીખ્યુ તે સેવામાં યુઝ કરું છુ. તેમની સમજણ અને ઉપદેશો આજે પણ આપણને માર્ગદર્શન આપે છે. જ્ઞાન સરોવરના નિર્દેશિકા અને સંયુક્ત મુખ્ય પ્રશાસિકા ડૉ.નિર્મલા દીદીએ કહ્યું કે, દાદીજીએ મને લંડનમાં સેવા આપવા મોકલી હતી. પત્રના માધ્યમ થી દાદીજીને સેવા સમાચાર મોકલતા હતાં. દાદીઓની મહેનતને કારણે વિશ્વ વિદ્યાલય આજે આ તબક્કે છે. આ કાર્યક્રમમાં પ્રયાગરાજથી આવેલા ધાર્મિક પ્રભાગના રાષ્ટ્રીય અધ્યક્ષા રાજયોગિની મનોરમા દીદીએ દાદીજી સાથેના તેમના અનુભવો વર્ણવતા કહ્યું કે, દાદીજી કહેતા હતા કે, એક રૂપિયામાં દસ વ્યક્તિ ભોજન કરતાં હતાં. જ્યારે બ્રહ્માકુમારીઝને કોઈ ઓળખતું ન હતું ત્યારે દાદીઓએ દેશના ખૂણે ખૂણે જઈને પરમાત્માનું જ્ઞાન આપ્યું હતું. દાદીઓ રેતીમાં બેસીને જ્ઞાન સંભળાવતા. તે સમય ગાળામાં તેમણે પ્રતિકૂળ સંજોગોમાં લોકોને આધ્યાત્મિકતાનો સંદેશો આપ્યો હતો. અથાક પરિશ્રમ, બલિદાન, સમર્પણ અને ઈશ્વર પ્રત્યેના અતૂટ પ્રેમનું પરિણામ છે કે આજે આ વિશ્વ વિદ્યાલય આ મુકામ પર છે. દાદીજી બધા સંતો અને મહાત્માઓને ખૂબ માન આપતા. આ પ્રસંગે મીડિયા નિર્દેશક બી.કે.કરૂણાભાઈ, કાર્યકારી સચિવ બી.કે.ડો.મૃત્યુંજયભાઈ, મીડિયા પ્રભાગના ઉપાધ્યક્ષ બી.કે.આત્મપ્રકાશભાઈ, બી.કે.ગીતાદીદી, બી.કે.પ્રકાશભાઈ સહિત દેશભરમાંથી આવેલ લોકો ઉપસ્થિત હતાં.

# ડભોડા તાલુકા પ્રાથમિક શાળામાં બાળ સંસદ યોજાઈ

## શાળાના વિદ્યાર્થીઓએ ઇવીએમમાં મત આપીને મંત્રીઓને ચુંટ્યા






ચિલોડા, તા. ૨૬ ગાંધીનગર તાલુકાના સુપ્રસિદ્ધ ડભોડા ગામમાં આવેલી તાલુકા પ્રાથમિક કુમાર શાળા માં આજે બાળ સંસદ યોજવામાં આવી હતી. બાળકોએ દરેક વર્ગખંડ તેમજ શાળાના મંત્રીઓની ચૂંટણી યોજી હતી. આ બાળ સંસદમાં વિદ્યાર્થીઓએ ઉમેદવારી નોંધાવી હતી બાદમાં ઉમેદવારો માટે શાળામાં આજે મતદાન કરવામાં આવ્યું હતું .શાળાના શિક્ષકો દ્વારા નવતર અભિગમ અપનાવીને મોબાઈલ ઈવીએમ દ્વારા દરેક બાળકોનો મતદાન નો અધિકાર આપવામાં આવ્યો હતો. લોકસભાની ચૂંટણી કેવી રીતે થાય છે તેનું બાલ્યાવસ્થામાં જ બાળકોને જ્ઞાન મળે તે હેતુથી આખી પ્રક્રિયા એ મૂજબ કરવામાં આવી હતી. શાળાના આચાર્ય ચૂંટણી કમિશનરની ભૂમિકામાં તેમજ એસએમસી સભ્ય જોનલ અધિકારીની ભૂમિકામાં રહ્યા હતા. અદલ ચૂંટણીની જેમ જ પોલિંગ એજન્ટ ,બીએલઓ , પોલીસ તથા આર્મી જવાનોની ભૂમિકા બજાવી હતી . દરેક વિદ્યાર્થીએ આધાર કાર્ડની સાથે જ મત આપ્યો હતો. ખૂબ જ રસપ્રદ આ એવીએમ બાળ સાંસદથી બાળકોમાં ઉત્સાહ મળ્યો હતો. શાળાના શિક્ષકોએ ખૂબ જ જહેમતથી ચૂંટણી પૂર્ણ કરી હતી.



અમિયાપુર પ્રાથમિક શાળામાં બાલસભા અંતર્ગત વેશભૂષા કાર્યક્રમ યોજાયો,જેમાં બધા જ ધોરણના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

# મગોડી હાઈસ્કુલમાં નિબંધ સ્પર્ધા યોજાઈ






ચિલોડા, તા. ૨૬ ગાંધીનગર સ્થિત પી. આર. ઠક્કર હાઈસ્કૂલમાં નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા" નિજી નિબંધ સ્પર્ધા "નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાની શાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો,કાર્યક્રમમાં મહેમાન તરીકે શ્રી કેળવણી મંડળના ઉપપ્રમુખ મફતભાઈ પટેલ તેમજ નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશનના કારોબારી સભ્યશ્રી વિપિનભાઈ પટેલ,લિહોડા હાઈસ્કૂલના આચાર્ય શ્રી બેચરભાઈ ચૌધરી તેમજ યજમાન સંસ્થાના આચાર્ય શ્રી મનુભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા .સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક રાકેશભાઈ પરમારે કર્યું.

# અમૃત ઈન્સ્ટીટ્યૂટ ઓફ નર્સિંગ અને આઈ.એ.આર હેલ્થ વેલ બીઈંગ એન્ડ સ્પોર્ટ્સ ફોર યુથ' વિષય પર સેમિનાર



ગાંધીનગર, તા. ૨૫ બ્રહ્માકુમારીઝ ઉર્જાનગર ધ્વારા કમલા અમૃત ઈન્સ્ટીટ્યૂટ ઓફ નર્સીંગ અને ઈન્સ્ટીટ્યૂટ ઓફ એડવાન્સ રીસર્ચ યુનીવર્સીટી ફોર ઈનોવેશન, ગાંધીનગરમાં 'હેલ્થ વેલ બીઈંગ એન્ડ સ્પોર્ટ્સ ફોર યુથ' વિષય પર સેમિનાર યોજાયા. ૨૨૦ તળેના રૂ ૨૦ પ્રોજેક્ટ્સ અંતર્ગત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય દ્વારા સમગ્ર ભારતભરમાં સંમેલનો, સેમિનાર, અભિયાન, પ્રદર્શન, ટોક શો, વેલનેસ કેફે, વર્કશોપ, ચોપાલ, પીસ વોક જેવા વિવિધ કાર્યક્રમો આયોજીત થઈ રહ્યા છે. જે અંતર્ગત બ્રહ્માકુમારીઝ, ઉર્જાનગર.૧, રાંદેસણ, ગાંધીનગર પ્રભારી રાજયોગિની રંજન દીદી દ્વારા ૨૧, ઓગસ્ટ, સોમવારે (૧) સવારે ૧૦ થી ૧૧, પ્રિન્સીપાલ ભગિની રીધ્ધીબેનના સહયોગથી કમલા અમૃત ઈન્સ્ટીટ્યૂટ ઓફ નર્સીંગ, ગાંધીનગર ખાતે તથા (૨) સાંજે ૩ થી ૪, ઈન્સ્ટીટ્યૂટ ઓફ એડવાન્સ રીસર્ચ યુનીવર્સીટી ફોર ઈનોવેશન, ગાંધીનગર ખાતે 'હેલ્થ વેલ બીઈંગ એન્ડ સ્પોર્ટ્સ ફોર યુથ' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. જેના મુખ્ય વકતા બ્રહ્માકુમારીઝ, પશ્ચિમ રાજસ્થાનના ભીનમાલ અને તેના સંબંધિત કેન્દ્રોના પ્રભારી અને રૂ ૨૦ પ્રોજેકટ્સના ફેકલ્ટી ડૉ.બી.કે.ગીતાબેન દ્વારા આ સેમિનારની ઉપસ્થિતિ જીવનના દરેક ક્ષેત્રમાં કઈ રીતે ઉપયોગી બની રહેશે તે સરસ શબ્દો અને દાખલાઓ સાથે સ્પષ્ટ કરવામાં આવી હતી. સેમિનારથી નર્સીંગ કોર્ષમાં જાડાયેલા સ્ટુડન્ટ્સ અને એડવાન્સ રિસર્ચના સ્કોલર્સ ઘણી મોટી સંખ્યામાં લાભાંવિત થયા હતા. કાર્યક્રમની સમાપ્તિમાં સૌના વદન કંઈક વિશેષ ખજાનો પ્રાપ્ત કર્યાની અનોખી ખુશી અને આનંદથી ખીલી ઉઠ્યા હતા.



ડૉ. વિનોદકુમાર. બી પાંડે એ તેમની માતૃસંસ્થા શ્રી એમ.એચ.વિદ્યામંદિર, ડભોડા ખાતે શાળા પરિવારના સૌ સભ્યો દ્વારા કુમકુમ તિલક અને સ્વાગત કરીને શુભેચ્છાઓ દ્વારા આચાર્ય તરીકેનો પદભાર સંભાળ્યો. આ પ્રસંગે શ્રી કેળવણી મંડળ ડભોડા ના પ્રમુખશ્રી હસમુખભાઈ કે.પટેલ, મંત્રી શ્રી હિંમતસિંહ પી. પરમાર તેમજ મંડળના સર્વે હોદેદારશ્રીઓ અને શાળા પરિવારના સૌ સભ્યો નો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.





બ્રહ્માકુમારીઝ પેથાપુર સેવા કેન્દ્રના સંચાલિકા બીકે શિલ્પા દીદીએ પેથાપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ આશાબેન તથા સ્ટાફ ને રક્ષાસૂત્ર બાંધીને અલૌકિક રક્ષાબંધન મનાવ્યું હતું.

ગાંધીનગર સમાચાર
જાહેર નોટીસ / કોર્ટ નોટીસ
● રૂ. ૭૮૦/- ૨ કોલમ X ૬ સે.મી. ●
(ફિક્સ) B & W
● રૂ. ૧૩૦૦/- ૨ કોલમ X ૧૦ સે.મી. ●
(ફિક્સ) B & W
ત્યારબાદ ઉપરના વધારાના
પ્રતિ કોલમ X સે.મી.ના
રૂ. ૬૨/- ચાર્જ રહેશે
જાહેરાત આપવા સંપર્ક
બ્લોકનં. ૬૮૪/૧,સેક્ટર-૮, ગાંધીનગર.
મો. 98797 97884
ફોન. : 079-23222571




શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારમાં આશ્રમ શાળામાં વિદ્યાર્થી ને બેસવા આસન આપવા માં આવ્યા હતાં.